

ડી.પી.એસ. ગાંધીનગરના યજમાનપદ હેઠળ ઈન્ટર ડી. પી.એસ. બોયઝ ટેનિસ સ્પર્ધામાં દેશની કુલ ૧૮ ટીમના આશરે ૪૦ જેટલા રમતવીરો ભાગ લઈ રહ્યા છે. આ સ્પર્ધાના ઉદ્ઘાટન સત્રમાં રમેશ ચૌધરી (Dy.SP,ગુજરાત પોલીસ) મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે અતિથિ વિશેષ તરીકે વૈદિક મુનશોએ પણ હાજરી આપી હતી.

## ગાંધીનગર જિલ્લાની પ્રાથમિક શાળાઓ માટે

# જિલ્લા કક્ષાના વિજ્ઞાન-ગણિત પ્રદર્શનનો પ્રારંભ



ગાંધીનગર, તા. ૨૨

જી.સી.આર.ટી, ગાંધીનગર પ્રેરિત જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ગાંધીનગર, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરી, ગાંધીનગર આયોજિત ચામુંડા પ્રાથમિક શાળા તથા એસ.એસ.વી.કેમ્પસ, સેકટર - ૩ બી , ગાંધીનગર સંચાલિત ગાંધીનગર જિલ્લાની પ્રાથમિક શાળાઓ માટેના જિલ્લા કક્ષાના વિજ્ઞાન-ગણિત અને પર્યાવરણ પ્રદર્શનનો ઉદ્ઘાટન સમારોહ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી જીતેન્દ્ર મોદી, જિલ્લાના ડાયટ આઈ. વી. પટેલ, ગાંધીનગર જિલ્લાના શિક્ષણ ચેરમેન કિર્તીબેન, બિટ નિરિક્ષક, ગાંધીનગર જિલ્લા શિક્ષણ સંઘના હોદેદારો તેમજ એસ.એસ.વી. કેમ્પસના ટ્રસ્ટીગણ ઉપસ્થિત રહ્યા હતા. અલગ-અલગ ૫૦ પ્રવૃતિઓ લઈને બાળકો અને શિક્ષકોએ સાથે મળીને શાળાના પટાંગણમાં દીપ પ્રાગટ્ય કર્યું હતું.

## જન્મદિને વધામણી



જય દિલીપભાઈ પ્રજાપતિ
મો. ૯૩૭૭૫ ૩૭૭૭૦



કૃષ્ણકાંત જાદવ
મો. ૭૮૭૪૯ ૩૭૪૭૩



છાયા જે ઘેડીયા
મો. ૮૦૦૦૭ ૭૯૨૪૬

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક



ગાંધીનગર, તા. ૨૨

કડી સર્વ વિશ્વવિધાલય સંચાલિત, MIPLVP ઈન્સ્ટીટ્યુટ ઓફ સોશિઅલ વર્કના વિદ્યાર્થીઓ દ્વારા પેથાપુર સ્થિત કૈલાશધામ વૃદ્ધાશ્રમની મુલાકાત

MIPLVP ઈન્સ્ટીટ્યુટ ઓફ સોશ્યલ વર્ક (કડી સર્વ વિશ્વવિધાલય)ના વિદ્યાર્થીઓને કોર્ષના તાલીમના પ્રયોજનથી તા. ૯/૧૧/૨૦૧૯ ના રોજ પેથાપુર સ્થિત કૈલાશધામ વૃદ્ધાશ્રમની મુલાકાત કરાવવામાં આવી. સોશ્યલ વર્કના વિદ્યાર્થીઓ સાથે કડી સર્વ વિશ્વવિદ્યાલયના ૨૦ એલ્યુમિની પણ આ મુલકાતમાં ભાગ લીધેલ હતો.

વિદ્યાર્થીઓને આ લોકો સાથે ગુણવત્તાસભર સમય વિતાવવા, એમની પરિસ્થિતિનું મૂલ્યાંકન કરવા અને પારસ્પરિક વિચારોની આપ-લે થાય તે હેતુસર આ મુલાકાત યોજવામાં આવી. જેમાં વિદ્યાર્થીઓએ કૈલાશધામના વ્યવસ્થાપન અને માળખાનો અભ્યાસ કર્યો, ત્યાં રહેતા વૃદ્ધ લોકોનો અલગ અલગ અને વ્યક્તિગત રીતે પરસ્પર લાગણી અને વાતોની આપ-લે કરી, પરામર્શ કર્યું અને એ લોકોના અનુભવ સાંભળ્યા બાદ ત્યાનું વાતાવરણ સહાનુભૂતિશીલ બન્યું.

વૃદ્ધ લોકોના મનોરંજન માટે નાનો એવો એક ભજનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો જેમાં લગભગ બધા વૃદ્ધ લોકોએ સક્રિય રીતે ભાગ લીધો હતો. એ ઉપરાંત, ત્યાંના લોકો અને બધા મુલાકાતીઓના શારીરિક અને માનસિક હળવાશ માટે એક અસરકારક વૈજ્ઞાનિક રાહતની કસરત કરવામાં આવી જેમાં બધા સહભાગીઓના મન અને શરીરને રાહત મળી હતી.

# જે એમ ચૌધરી સાર્વજનિક વિદ્યાલયમાં હૅર સ્ટાઈલ સ્પર્ધાનું આયોજન કરાયું



પૂરબહારમાં ખીલેલી લગ્નોની મૉસમમાં શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી જે એમ ચૌધરી સાર્વજનિક પ્રાથમિક વિદ્યાલય ખાતે હૅર સ્ટાઈલ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. ધોરણ-૬થી ૮માં અભ્યાસ કરતી ૫૨ જેટલી વિદ્યાર્થિનીઓએ આ સ્પર્ધામાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમનું સંચાલન મણીબેન ચૌધરીએ કર્યું હતું, નિર્ણાયક તરીકેની સેવા રમીલાબેન ચૌધરીએ પૂરી પાડી હતી.

# કલાગુર્જરી દ્વારા આજે ટાઉનહૉલમાં ‘નૃત્ય સંધ્યા’નો અનોખો કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨૨

સંસ્કાર નગરી ગાંધીનગરની કલાપ્રેમી જનતા સમક્ષ સમૃદ્ધ અને માણવાલાયક સાંસ્કૃતિક કાર્યક્મો પ્રસ્તુત કરવા હંમેશાં પ્રયત્નશીલ ગાંધીનગરની જાણીતી સંસ્થા ‘કલાગુર્જરી’ દ્વારા તેના ૧૩મા વર્ષના ચોથા કાર્યક્રમ તરીકે અમદાવાદની આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત સંસ્થા નૃત્યભારતી પરફોર્મિંગ આર્ટ્સ દ્વારા સુમધુર ગુજરાતી ગીતોને નયનરમ્ય નૃત્યોમાં પ્રસ્તુત કરતી ‘નૃત્ય સંધ્યા’નું આયોજન કરવામાં આવ્યું છે. તાજેતરમાં જ યુએસએમાં સફળતાપૂર્વક રજૂ થયેલી આ નૃત્ય સંધ્યાનાં નયનરમ્ય નૃત્યો અને ગીતો માણવા કલાગુર્જરીના સભ્યો માટે આ કાર્યક્રમ તા. ૨૩ નવેમ્બર ને શનિવારના રોજ રાત્રે ૯.૩૧ કલાકે ટાઉનહૉલ, ગાંધીનગર ખાતે યોજાશે. જેમાં ઉપસ્થિત રહેવા સંસ્થાના પ્રમુખ એન પી પટેલો સૌને અનુરોધ કર્યો છે. જાણીતા કોરિયોગ્રાફર ચંદન ઠાકોર અને નિરાલી ઠાકોર નિર્દેશિત આ કાર્યક્રમનું રસદર્શન ડૉ. માર્ગી હાથી કરાવશે.

# બાપુ ગુજરાત નૉલેજ વિલેજમાં મહિલા સ્વાસ્થ્યનો કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨૨

બાપુ ગુજરાત નોલેજ વિલેજ કેમ્પસ ના વુમન- સેલ દ્વારા મહિલાના સ્વાસ્થ્ય અને સશક્તિકરણ અંગેનો એક દિવસીય વર્કશોપ યોજાયો.

ગાંધીનગર માણસા રોડ પર આવેલ બાપુ ગુજરાત નોલેજ વિલેજ કેમ્પસની સંસ્થાઓ શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી, ફાર્મસી, નર્સિંગ, બી.એસ.સી. બી.કોમ. અને એલ.એલ.બી.ના મહીલા



ટીચીંગ અને નોન-ટીચીંગ સ્ટાફ તથા વિદ્યાર્થિનીઓ માટે કેમ્પસના વુમન- સેલ દ્વારા ‘હેલ્થ એન્ડ ઈમપાવરમેન્ટ : ધ કિ ટુ બેટર વર્લ્ડ’ વિષયે એક દિવસીય વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમનો મુખ્ય હેતુ મહિલાઓને લગતા અલગ-અલગ પ્રકારના આરોગ્યની સમસ્યાઓ અને તેના નિરાકરણની અને મહિલા સશક્તિકરણ ચર્ચા હેતુસર ડૉ. વર્ષા ચૌહાણ (ગાયનોકોલોજિસ્ટ) અને શિક્ષા ઠાકુર હાજર રહ્યાં હતાં. કાર્યક્રમના અંતમાં ‘વુમન એચિવમેન્ટ’ એન્ડ ‘વુમન હેલ્થ ઈસ્યુઝ’ થીમ પર સંસ્થાની વિદ્યાથિનીઓ દ્વારા તૈયાર કરેલા પોસ્ટરનું પ્રદર્શન રાખવામા આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન કેમ્પસના વુમન સેલનાં ચેરમેન કિનલ જે પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. સંચાલન સમગ્ર વુમન સેલનાં પ્રતિનિધિઓ દ્વારા ખૂબ જ સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું.

# એશિયાના સૌથી મોટા આર્કિટેક્ચરલ ઍન્ડ પ્રોડકટ ઍક્ઝિબિશનનો આરંભ



ગાંધીનગર, તા. ૨૨

એચબીએલએફ શો ૨૦૧૯નો અર્થ હાર્ડવેર, બિલ્ડિંગ મટિરીયલ્સ, લેમિનેટ, ફર્નિચર છે. આર્કિટેક્ચરલ માટે આ એક આદર્શ પ્લેટફોર્મ છે - ઈન્ટિરિયર હાર્ડવેર ફીટીંગ્સ, બિલ્ડિંગ મટિરિયલ્સ (સિરામિક, સેનિટરીવેર, સિમેન્ટ્સ, પાઈપ ફિટિંગ્સ, વગેરે) ડેકોરેટિવ લેમિનેટ, પ્લાયવુડ, મોડ્યુલર કિચન, મોડ્યુલર ફર્નિચર, ગાદલા અને ફર્નિશિંગ, વગેરે. આ એકજીબિશન ઉદ્યોગના ખેલાડીઓને મુલાકાતીઓ, વ્યવસાયિક ખરીદદારો અને અંતિમ વપરાશકર્તાઓના વેપાર તરફ દોરી જાય છે. આ એકજીબિશન નું ઉદ્ઘાટન શ્રી સ્વામિનારાયણ મંદિર કુમકુમ મણિનગર ના સદગુરુ શાસ્ત્રી શ્રી આનંદ પ્રિયદાસજી સ્વામી ઉપસ્થિત રહયા હતા.

એચબીએલએફ શોના ઓર્ગેનાઈઝર અને ફાઉન્ડર હસમુખ પટેલ એ જણાવ્યું કે “આ પ્રકારના પ્રદર્શન થકી પ્રેક્ષકો સાથે જોડાવાની એક આધુનિક રીત છે. તે તમને તમારા ઉત્પાદનને એક જ સમયે વિશાળ પ્રેક્ષકોને પ્રસ્તુત કરવાની તક બનાવે છે. તમારા પ્રેક્ષકો તમારા ઉત્પાદનોને સ્પર્શ અને અનુભવી શકે છે અને તમે તેમાંથી વધુ પ્રમાણિક ઉત્પાદન અનુભવ બનાવી શકો છો. આ રીતે તમે ઘરે સંભારણા વગર સીધા જ એક જગ્યાએ તમારા સંભવિત ગ્રાહકો અથવા સહયોગીઓ સાથે મળીને કનેક્ટ થઈ શકો છો.”

તેમણે વધુ માં જણાવ્યું કે “આ એકજીબિશન માં ૨૦૦ થી વધારે આર્કિટેક્ચરલ એન્ડ ઈન્ટિરિયર હાર્ડવેર પ્રોડક્ટ્સ, બિલ્ડીંગ મટીરીયલ, લાઈટિંગ્સ,મોડ્યુલર કિચન,અને ફર્નિચર કંપનીઓ સમગ્ર ભારત માંથી આવેલ છે. ભારત સિવાય વિશ્વ ના અનેક દેશો માંથી આર્કિટેક્ચર, ઈન્ટિરિયર ડિઝાઈનર, વિદ્યાર્થીઓ,ગવર્મેન્ટ અધિકારીઓ જોડાયા છે જે અમારા માટે ખુબજ ગૌરવ ની વાત છે.”

આ ચાર દિવસીય એકજીબિશન હેલિપેડ એકજીબિશન સેન્ટર ગાંધીનગર ખાતે આયોજિત કરવામાં આવ્યું છે, જેમાં કંપનીઓ દ્વારા નવી પ્રોડક્ટ્સ દર્શાવવામાં આવશે.

# ડિફેન્સ ક્ષેત્રે આગળ વધવા માટે એસ.એસ.બી ની પરીક્ષા વિષે માહિતી આપશો




નમસ્કાર. આપ સૌ વાચક મિત્રોના સાથ અને સહકાર થી આજે ફરી અમે આ કૉલમમાં પ્રસ્તુત થયા છીએ. ‘કરિયર કોર્નર‘ કૉલમમાં હવે પ્રશ્નો માત્ર ગાંધીનગરથી નહીં પણ અન્ય શેહરો અને ગામો જેમ કે કલોલ. હિમતનગર, દેહગામ અને માણસાથી પણ આવી રહ્યા છે. આપ સૌનો પ્રતિસાદ અમને ખૂબ પ્રોત્સાહિત કરે છે. અમે આપના પ્રશ્નોનો ચોક્કસ અને સચોટ ઉત્તર આપવાની કોશિશ કરીએ છીએ. જગ્યાની મર્યાદા હોવા થી અમે બધા પ્રશ્નો પ્રકાશિત નથી કરી શકતા પણ તમને જવાબ ચોક્કસ મળશે.

હવે આપ અમને ફેસબુક પર ‘લાઈક’ કરી શકો છો: facebook.com/questions.careercroner પર.

**૧. હું સી.ડી.એસ ની પરીક્ષા ની તૈયારી કરું છું.ત્યાર બાદ લેવામાં આવતી એસ.એસ.બી ની પરીક્ષા વિષે માહિતી આપશો.**

**- યશ ભટ્ટ, ભાવનગર**

યશ, આપે જણાવ્યા અનુસાર આપ સી.ડી.એસ એટ્લે કે ‘કમબાઈન્ડ ડિફેન્સ સર્વિસિઝ’ પરીક્ષા ની તૈયારી કરો છો.વાચકમિત્રો ને જણાવી દઈએ કે આ પરીક્ષા ઉતીર્ણ કર્યા બાદ આપ આર્મી, એરફોર્સ અને નેવી માં આપ ઓફિસર લેવલે દેશ ની સેવા કરવાનો મોકો મળે છે.પણ આ પરીક્ષા પાસ કર્યા બાદ આપે યુ.પી.એસ.સી દ્વારા જ યોજવામાં આવતી એસ.એસ.બી એટ્લે કે સર્વિસ સિલેકસન બોર્ડ ની પરીક્ષા પાસ કરવાની હોય છે.આ પરીક્ષા થકી આપની શારીરિક અને માનસિક શક્તિ ની ચકાસણી કરવામાં આવે છે.આ પરીક્ષા ની શૈક્ષણિક લાયકાત ની વાત કરીએ




તો નવી માટે આપે એન્જીનિયરીંગ ક્ષેત્ર માં ડિગ્રી મેળવેલ હોવી જરૂરી છે. એરફોર્સ માટે આપે બી.એસ.સી ફિઝીક્સ અને ગણિત સાથે અથવા એન્જીનિયરીંગ ક્ષેત્રે ડિગ્રી મેળવેલ હોવી જરૂરી છે.અને મિલેટરી એટ્લે કે આર્મી માટે આપે કોઈ પણ ક્ષેત્ર માંથી ડિગ્રી મેળવેલ હોવી જરૂરી છે.એસ.એસ.બી પરીક્ષા કુલ પાંચ દિવસ સુધી ચાલે છે.જેમાં પ્રથમ દિવસે આપનો આત્મવિશ્વાસ અને પાયા ની બાબતો નો સમાવેશ થાય છે.ત્યાર બાદ બીજા દિવસે આપનો સાયકોલોજિ ટેસ્ટ થાય છે.જેમાં આપણે કોઈ એક ચિત્ર બતાવવામાં આવી શકે છે અને આપે એના પરથી આપે સંક્ષિપ્ત માં બોલવાનું હોય છે.અથવા આપે એ ચિત્ર પરથી વાર્તા નું નિર્માણ કરવું પડતું હોય છે. ત્યારબાદ ત્રીજા અને ચોથા દિવસે ગ્રૂપ ડિસ્કસન અને નિબંધ લેખનનું આયોજન કરવામાં આવે છે અને છેલ્લા દિવસે કોન્ફરન્સ રાઉન્ડ હોય છે. અને જણાવી દઈએ કે આ દિવસો દરમિયાન કોઈ પણ દિવસે પર્સનલ ઈન્ટરવ્યુનું આયોજન કરવામાં આવે છે.

**૨. મેં તાજેતરમાં જ ઓનલાઈન એઈર-હોસ્ટેસ અને હોટેલ મેનેજમેંટ વિષે માહિતી જોઈ હતી. આ બંને ક્ષેત્ર માંથી કયા ક્ષેત્ર માં જવું વધુ હિતાવહ છે.**

**- દિપીકા સોની, ગાંધીનગર**

દિપીકા,સૌપ્રથમ આપને જણાવવા માંગીએ છીએ કે આપના સવાલનો જવાબ આપની પર્સનાલીટી અને આપના ગમા–અણગમા પર એટ્લે કે ચોઈસ પર



આધાર રાખે છે. તમે કોઈ પણ ક્ષેત્રમાં સફળ થઈ શકો છો જો આપ મેહનત કરશો તો. તેમ છતા અમે આપેલા બન્ને વિકલ્પો વિશે આપને માહિતી આપીશુ કે જે તમને કોઈ એક વિકલ્પ પસંદ કરવા માટે મદદરૂપ થશે. સૌપ્રથમ વાત કરીએ કેબિન ક્રુ એટ્લેકે એર હોસ્ટેસ ની.જેમાં આપ આપની કારદિર્દી બનાવી શકો છો. ઘણી બધી છોકરીઓ એર હોસ્ટેસ બનવાની ઈચ્છા ધરાવે છે.અને આ વિકલ્પમાં આપને પગાર પણ સારો મળી શકે છે.પણ એક અગત્યની બાબત પર આપનું ધ્યાન દોરવા માંગીશું કે આ વિકલ્પમાં કામના કલાકો નિયમિત હોતા નથી. જો આપની ફ્લાઈટ ૧૨ થી ૧૪ કલાકની હોય તો આપના કામ ના કલાકો એ પ્રમાણે રહેતા હોય છે. ધોરણ ૧૨ પછી આપ એર હોસ્ટેસ ની ટ્રેઈનિંગ માટે પણ અરજી કરી શકો છો. અન્ય વિકલ્પની વાત કરીએ તો હોટેલ મેનેજમેંટમાં આપના માટે પ્રાઈવેટ અને ગવરમેન્ટ ક્ષેત્રમાં કારદિર્દીની તકો રહેલી છે. હોટેલ મેનેજમેંટમાં અલગ-અલગ વિભાગો આવેલ હોય છે.જેમ કે હાઉસકીપીંગ (એટ્લે કે રખરખાવ), ફૂડ એન્ડ બેવરેજિસ (એટ્લે કે કૂકિંગ), ફ્રંટ ઓફિસ (રેસેપ્સનિસ્ટ) અને સેલ્સ કે જેમાં આપને હોટેલ નું સેલિંગ કરવાનું હોય છે. આપ પોતાના મનપસંદ વિભાગનું ચયન કરી શકો છો.આ વિકલ્પમાં આપના કામના કલાકો નિયમિત રહે છે. આ વિકલ્પ માટે આપ ૧૨ પછી એન. સી. એચ. એમ. સી. ટી. - જે.ઈ.ઈ.ની પરીક્ષા આપી કોઈ પણ સારી કોલેજમાં એડ્મીશન લઈ શકો છો. આપે એક વાત ધ્યાનમાં રાખવી કે કોઈ પણ વિકલ્પ આપ પસંદ કરો એ આપ સારી જગ્યા (કોલજ)માંથી જ કરવું જેથી સારી તકો મળી રહે. વધુ માહિતી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. શુભકામનાઓ એક જ્વલંત કારકિર્દી માટે!

**૩. હું બી.કોમ ના પ્રથમ વર્ષ માં અભ્યાસ કરું છું.હાલ બહાર પડેલ એઈરફોર્સ ની ગ્રૂપ એક્સ અને વાય ની પરીક્ષા વિશે માહિતી આપશો.**

**- કિશન સાધુ, ગાંધીનગર**



કિશન, સૌપ્રથમ તો આપને ધન્યવાદ કે આપ હજુ કોલેજ શરૂ જ કરી છે અને આપ આપના ભવિષ્ય વિશે વિચારી રહ્યા છો.એમાં પણ આપ સંરક્ષણ ક્ષેત્રે જવા માંગો છો જે ખૂબ સારી વાત છે.તો આપણે જણાવી દઈએ કે ગ્રૂપ એક્સ એટ્લે ટેકનિકલ ક્ષેત્ર અને વાય એટલે નોન ટેકનિકલ ક્ષેત્ર.એટ્લે કે જે વિધ્યાર્થીઓ એ એમનું ધો.૧૨ ફિઝીક્સ અને કેમેસ્ટ્રી અને ગણિત જેવા વિષય ઓછા માં ઓછા ૫૦ ટકા સાથે અને અંગ્રેજી પણ ૫૦ ટકા સાથે પાસ કરેલ છે એ વિદ્યાર્થીઓ આ પરીક્ષા માટે લાયક ઠરે છે. ગ્રૂપ વાય એટ્લે નોનટેકનિકલ ક્ષેત્ર એટ્લે કે જે વિધ્યાર્થીઓ એ એમનું ધો.૧૨ (૧૦+૨) ૫૦ ટકા સાથે અને અંગ્રેજી વિષય પણ ઓછા માં ઓછા ૫૦ ટકા સાથે પાસ કરેલ છે એ વિધાર્થીઓ ગ્રૂપ વાય ની પરીક્ષા માટે લાયક ઠરે છે.અને આ પરીક્ષા માટે ઉમર પણ બાધિત છે જે ૨૧ વર્ષ(૧૯ જૂલાઈ ૧૯૯૯ થી ૧ જૂલાઈ ૨૦૦૩) છે.આ પરીક્ષા બે ચરણો માં લેવામાં આવે છે.પ્રથમ ચરણ માં ગ્રૂપ વાય માટે વાત કરીએ તો અંગ્રેજી ના ૨૦ માર્કસ અને રીઝનિંગ – જનરલ અવેરનેસ ના થઈ ને ૩૦ એમ કુલ ૫૦ માર્કસ નું પેપર આવે છે જેના માટે આપણે ૪૫ મિનિટ આપવામાં આવશે.એ ઉત્તીર્ણ કર્યા બાદ બીજા ચરણ માં ફિઝિકલ જેમાં આપની ઊંચાઈ ,વજન જેવી શારીરિક બાબતો અને દોડ અને પુશ-અપ્સ થકી ફિટનેસ ચેક કરવામાં આવે છે.અને આપણે એ પણ જણાવી દઈએ કે આ ફોર્મ ઓનલાઈન ભરવાની છેલ્લી તારીખ ૧૫ જૂલાઈ છે.તો જો આપને આ ફોર્મ ભરવાનું બાકી હોય તો આપ આ ફોર્મ આજે જ ભરવું હિતાવહ છે.આ પરીક્ષા ની સંભવિત તારીખ ૨૪ સપ્ટેમ્બર છે. વધુ જાણકારી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. શુભકામનાઓ એક જ્વલંત કારકિર્દી માટે!

તમારા કરિયરને લગતા પ્રશ્નો અમને મોકલી આપો અને અમારા તજજ્ઞો એના સચોટ જવાબ આપશે. આપના પ્રશ્ન સાથે આપનું નામ, ઉમર, ઈમેલ id, મોબાઈલ નંબર, અભ્યાસ અને શહેરનું નામ ચોક્કસ લખવું.

ઈમેલ:questions.career corner@ mail.com

વોટ્સએપ નંબર: ૮૮૪૯૨૨૧૬૫૩, ફેસબુક: www. facebook.com/ questions.careercroner